કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઇ-મેઇલ :- msbsmc@gmail.com
વેબસાઇટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- 9160 તા. 07/01/2019

પ્રતિ,
મુખ્યશિક્ષકશ્રી/આચાર્યશ્રી, તમામ
ન.પ્રા.શિ.સમિતિ.સુરત.

વિષય : કરૂણા અભિયાન-૨૦૧૯ (૧જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી) ઉતરાયણ પર્વ નિમિતે પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓને બચાવવા અંગે.

સંદર્ભ- ક્રમાંક:- બ/વપસ/૧૨/૭૦૧૩-૧૫/૨૦૧૮-૧૯ નાયબ વન સંરક્ષકની કચેરી, સુરત તા.૦૪-૦૧-૨૦૧૯

આથી ઉપરોકત વિષય અને સંદર્ભે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત પ્રાથમિક શાળાનાં તમામ આચાર્યશ્રીઓને જણાવવાનુ કે, ગુજરાત રાજય્ તેના વૈવિધ્યસભર તહેવારો, ઉત્સવો અને પર્વોથી દેશભરમાં સુવિખ્યાત છે. જેમાં ઉતરાયણનાં પર્વનું અનેરૂ મહત્વ છે. રાજયમાં ઉતરાયણ પર્વની ઉજવણી મકરસંક્રાતિના અગાઉથી શરૂ થઇ જાય છે. અને અઠવાડીયાથી દશ દિવસ સુધી ખુબ જ જોરશોરથી સતત ચાલુ રહે છે. રાજયમાં ઉતરાયણ ઉપરાંત વાસી ઉતરાયણની ( ૧૫ જાન્યુઆરી) ઉજવણીમાં પ્રજાજનો મોટી સંખ્યામાં જોડાય છે.

ઉતરાયણનો તહેવાર માનવનો આનંદ અને ઉલ્લાસનો પ્રસંગ બને છે.પરંતુ સાથે સાથે પક્ષીઓ માટે ખતરારૂપ થાય છે. પતંગની દોરીથી પક્ષીઓ ઘાયલ તથા મૃત્યુ પામે છે. આ પ્રસંગે અબોલ પક્ષીઓને ખતરારૂપ ન થાય તે રીતે તહેવાર ઉજવવામાં આવે તે દિશામાં પ્રયત્નો થાય અને તેમાં મહદ અંશે યુવા વર્ગ/વિધાર્થીઓ સહભાગી થાય તે અંગે ખાસ તકેદારી રાખવા દરેક વિધાર્થીને આ સંદેશ મળે તે હેતુથી જાણ કરવામાં આવે છે.

૧) પક્ષીઓ પોતાના માળામાંથી મહદ અંશે સવારના ૬ થી ૯ દરમ્યાન બહાર નીકળી વિહાર કજરતા હોય છે. તથા સાંજના ૫ થી ૭ વાગ્યા દરમ્યાન પોતાના માળામાં પરત ફરતા હોયં છે. આ સમય દરમ્યાન ખાસ પતંગ ન ઉડાડવામાં આવે તેવી સમજ વિધાર્થીઓને આપવી.

૨) પતંગ ઉડાડવા દરમ્યાન ઘણી જગ્યાએ વૃક્ષો પર કેબલ લાઇનો કે વીજળીનાં તાર પર મોટા જથ્થામાં દોરી વીટળાયેલા હોય તેવા દ્વારા પણ પક્ષીઓ ઘાયલ થાય છે. તો આવી દોરી શકય હોય તો વહેલી તકે બાળકો તથા વાલીઓના સહકારથી દુર કરી તેનો નાશ કરવો જરૂરી છે. તે બાબત અગ્રતા આપવી.

......૨........

૩) પોતાના વિસ્તારમાં પક્ષીઓ ઘાયલ થાય તો તેની સારવાર થાય તે માટે વન વિભાગના ફોન નંબર – ૦૨૬૧-૨૭૩૩૮૩૧ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓનો સંપર્ક સાધવો તથા ચાલુ વર્ષે સરકારશ્રી તરફથી સુરત જિલ્લામાં મહાનગરપાલિકા વિસ્તારમાં-૨ એનીમલ એમ્બુલન્સ કાર્યરત કરવામાં આવેલ છે.જેનો હેલ્પલાઇન નંબર-૧૯૬૨ છે. જેનો સંપર્ક કરવો. જેથી અબોલ ઘાયલ પક્ષીઓને બચાવી શકાય.

૪) ગુજરાત સરકારના ગૃહ વિભાગ, ગાંધીનગર દ્વારા પત્રાંક વિ-૨ / ડી.એસ.એમ / ૧૩૨૦૧૬ / હા.કો.ર/પા.ફા,તા.૨૬-૧૨-૧૭થી જણાવ્યા મુજબ નામદાર ગુજરાત હાઇકોર્ટના રીટપીટીશન / પી.આઇ.એલ.નં.૨૫૩ / ૨૦૧૬નાં તા.૧૩-૧-૨૦૧૭નાં હુકમથી ચાઇનીઝ માઝા, નાયલોન / પ્લાસ્ટિક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનીકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનીકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકેલ છે. તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા જણાવેલ છે. તેમજ ' સ્કાય લેન્ટર્ન ' ( ચાઇનીઝ તુક્કલ) હવામાં ઉડાડવાથી જાહેર જનતા, પશુ-પક્ષી, જાહેર-ખાનગી માલ મિલકતો કે પર્યાવરણને નુકશાન તથા આગ લાગવાના બનાવો બનતા હોય છે. જેથી તેને હવામાં ઉડાડવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેની સૌ વિધાર્થીઓ-વાલીઓને જાણ કરવા વિનંતી.

ઉપરોકત જાણકારી વિધાર્થીઓને થાય તે માટે તમામ સુચનાઓ તેમજ સમજ વિધાર્થીઓને આપી " કરૂણા" અભિયાનને સફળ બનાવવા જણાવવામાં આવે છે.

(સહી)

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

સવિનય નકલ રવાના – ૧) પ્રતિ, મે.અધ્યક્ષશ્રી,ન.પ્રા.શિ.સ.સુરત તરફ.

સવિનય નકલ રવાના- ૨) પ્રતિ,નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, સુરત તરફ